## 1. કુદરતી સંસાધનોની ઉપયોગિતા જણાવો.

- મનુષ્ય અને રાજયો (રાષ્ટ્રો)નો' વિકાસ પર આધાર રાખે છે. કુદરતી સંસાધનો એટલે કુદરતમાંથી મળતા, મનુષ્યસર્જીત ન હોય એવા પદાર્થો કે ઉર્જા, જેનો મનુષ્યો પોતાનું અસ્તિત્વ ટકાવવા અને વિકાસ માટે ઉપયોગ કરતા હોય.દા.ત. પાણી, સૂર્યપ્રકાશ, વનસ્પતિ, પશુપક્ષીઓ, જંતુઓ, સુક્ષ્મજીવો, ફુગ, ખનીજો વગેરે.
- પુનઃપ્રાપ્ય સંસાધનો એટલે જે સંસાધનોનો અનેકવાર ઉપયોગ કરી શકાય તેવાં સંસાધનો. દા.ત. પવન, સૂર્યપ્રકાશ વગેરે. પુનઃઅપ્રાપ્ય સંસાધનો એટલે જેનો એકવાર ઉપયોગ કર્યા પછી તેનું સ્વરૂપ બદલાય છે. જેથી તે જ સ્વરૂપે તેનો ફરીથી ઉપયોગ થઈ શકતો નથી. દા.ત. કોલસો, ખનીજતેલ વગેરે.
- જૈવિક કુદરતી સંસાધનોમાં વનસ્પતિ, પ્રાણીઓ, વનસ્પતિજન્ય અને પ્રાણીજન્ય પદાર્થોનો સમાવેશ થાય છે. અજૈવિક કુદરતી સંસાધનોમાં હવા, પાણી, સૂર્યપ્રકાશ, રેતી વગેરેનો સમાવેશ થાય છે. કુદરતી સંસાધનોની ઉપયોગિતા : સૃષ્ટિના ત્રણ આવરણો છે. આ ત્રણેય આવરણો મનુષ્યજીવનને અનેક રીતે ઉપયોગી છે. જેમ કે,
- જલાવરણ : સજીવો માટે જરૂરી એવા શ્વાસોશ્વાસ માટે જરૂરી એવા પ્રાણવાયુ, જલાવરણથી જ પ્રાપ્ત થાય છે. વન્ય સૃષ્ટિ માટે જરૂરી કાર્બન ડાયોક્સાઈડ પણ આ જ જલાવરણ દ્વારા મળે સજીવો માટે જરૂરી એવા પીવા માટેના પાણી કે જેનો ઉપયોગ ધરવપરાશ અને સિંચાઈ માટે પણ થતો હોય છે. તે જલાવરણ દ્વારા જ શક્ય બને છે. જલાવરણ દ્વારા જ માછલીઓ, સમુદ્રીધાસ પ્રાપ્ત થાય છે.
- મૃદાવરણ : મૃદા એટલે માટી કે જે સૂક્ષ્મ પોષકતત્ત્વો વનસ્પતિની વૃદ્ધિ માટે જરૂરી છે. કૃષિ માટે જરૂરી એવી જમીન મૃદાવરણનો જ ભાગ ઈમારતો માટે જરૂરી એવા પથ્થર, રેતી અને કપચી કે સિમેન્ટ મૃદાવરણથી જ પ્રાપ્ત થાય છે. મૃદાવરણમાંથી મળતાં ખનીજ તેલ, કોલસો, ગેસ વગેરે મશીનો અને ઉદ્યોગો ચલાવવા અને ઘર માટે જરૂરી ઊર્જા પૂરી પાડે છે, ઉપરાંત ઉધોગક્ષેત્રે જરૂરી એવી પોલાદ, એલ્યુમીનિયમ, કોલસો જેવા ખનીજો કે ઈમારતી લાકડા પણ મૃદાવરણ દ્વારા
- જીવાવરણ : હવા, સૂર્યપ્રકાશ, પવન, વનસ્પતિઓ અને પ્રાણીસૃષ્ટિએ જીવાવરણનો ભાગ છે. જીવાવરણની વનસ્પતિઓ અને પ્રાણીઓની વિવિધ પેદાશો મનુષ્યના ભોજન, વસો, ઈંધણ અને બાંધકામ માટેની જરૂરિયાતો સંતોષે છે. કુદરતી સંપત્તિની વર્તમાન સ્થિતિ : વિશ્વ કક્ષાએ વસ્તી નોંધપાત્ર રીતે વધી રહી છે. જેની સીધી અસર કુદરતી સંસાધનોના મર્યાદિત જથ્થા પર જોવા મળે છે. વિશ્વ કક્ષાએ કુદરતી સંપત્તિના જતન સાથે તેના વિવેકપૂર્ણ ઉપયોગ અને સંરક્ષણની માંગ ઊભી થઈ છે. કુદરતી સંપત્તિના ઉપયોગ આવનારી પેઢી પણ કરી શકે તેવા ઉમદાહેતુથી જ વસ્તી વધારવા પર નિયંત્રણ મૂકવામાં આવ્યા ઊર્જા ના બિન પરંપરાગત સાધનો જેવા કે પવનચક્કી, જળશક્તિ, સૂર્યઊર્જા, સમુદ્રની ભરતી, ભૂપાત ઉર્જા, ગોબર ગેસનો ઉપયોગ વધે તે માટે પ્રાધાન્ય આપવામાં આવે છે. ટૂંકમાં સજીવ તરીકે તેમનુષ્ય) કુદરતી સંપત્તિ આપણને આપણા ઉદ્ભવ, વિકાસ, વૃદ્ધિ અને અંત સમયે ખૂબ જ ઉપયોગી બને છે.

## 2. કુદરતી સંસાધનોના રક્ષણ માટે આપણી વ્યક્તિ તરીકે શું ભૂમિકા હોવી જોઈએ ?

- કુદરતી સંસાધનોના થતા દૂરઉપયોગ અને વધતા ભારણ સામે વૈશ્વિક કક્ષાએ ચિંતા અને ચિંતન થઈ રહ્યું છે. કુદરતી સંસાધનોના વિવેકપૂર્વકના ઉપયોગ કરવાની અને તેનું સંરક્ષણ કરવાની અનિવાર્યતા આજની તાતી જરૂરિયાત છે. મનુષ્ય તરીકે કુદરતી સંસાધનોના જતનની જવાબદારી આપણી છે. અને આ માટે આપણે નીચે મુજબના કેટલાક કાર્યો અવશ્ય રીતે કરી શકીએ છીએ.

- વિજનો કરકસરભર્યો ઉપયોગ : વિજનો ઉપયોગ શક્ય તેટલો કરકસરભર્યો કરવો જરૂરી છે. આ માટે જયા વીજળીથી ચાલતા ઉપકરણો બંધ કરવા, બલ્બ અને ટ્યૂબોને સાફ રાખવા, LED સાધનોના ઉપયોગ કરવા, ટેલિવિઝન, કમ્પ્યુટર જેવા સાધનોને સ્ટેન્ડબાય ન રાખવા. રસોઈ માટે ગેસની સગડી, પ્રેશર કુકર કે સૂર્યકુકરનો ઉપયોગ કરવો. રસોઈ બનાવતી વખતે વાસણો ઢાંકવા જેથી ભોજન રાંધવામાં ઓછો સમય લાગે છે. જેથી ઊર્જાની બચત થાય છે.
- મુસાફરી માટે જાહેર વાહન વ્યવહારનો ઉપયોગ કરવો. એક જ સ્થળે નોકરી, ધંધા કરનાર વ્યક્તિઓએ ‘‘કાર પુલિંગ’નો ઉપયોગ કરવો. નજીકના સ્થળે મુસાફરી કરવા સાઈકલનો ઉપયોગ કરવો. વપરાશમાં કે પંકિગમાં ઓછામાં ઓછો પ્લાસ્ટિકનો ઉપયોગ થાય તેવા પ્રયત્નો કરવો. જાહેરમાં કચરો બાળવો નહિ. વધુ પ્રમાણમાં ધ્વનિ પ્રદુષણ કે વાતાવરણનું પ્રદુષણ ન થાય તે માટે ફટાકડાનો વપરાશ ઘટાડવો. વિવિધ પ્રકારના પ્રદુષિત પાણીઓને સીધે સીધા કુદરતી જળસાવોમાં ન રેડવા જોઈએ. કૃષિ ક્ષેત્રે રાસાયણિક જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના અનિવાર્ય રીતે જ ઉપયોગ કરવો.

### 3. રાજય માટે કુદરતી સંસાધનોનું શું મહત્વ છે ?

- વૈશ્વિક કક્ષાએ પ્રત્યેક રાજય (દેશ) પોતાની આગવી લાક્ષણિક્તાઓ ધરાવે છે. આ લાક્ષણિક્તાઓ પૈકી કુદરતી સંચાલનોએ સૌથી મહત્ત્વનું ઉપયોગી સાધન છે. રાજયની ભૌગોલિક સરહદોમાં આવેલ સમુદ્ર કિનારા, નદીઓ અને તેના પાણી, ખનીજ, કોલસા કે ખનીજતેલના ભંડારો, કિંમતી ખનીજો, ગેસ એ રાજય (દેશ)ની સાચી તાકાત છે. વિશ્વના મોટા યુદ્ધો થવા પાછળના કારણો પૈકી એક કારણ કુદરતી સંસાધન પર આધિમય સ્થાપિત કરવાની ઈચ્છા હોય છે.
- કુદરતી સંસાધનોને કારણે જ વિવિધ રાજયો અંદરો-અંદર સંઘર્ષ કરે છે. આ માટે રાજકારણ પણ ખેલાતુ જોવા મળે છે. વિશ્વના 100 દેશો વિશ્વની 13 મોટી નદીઓ અને સરોવરોના પાણીમાં ભાગીદારી ધરાવે છે. ભૌગોલિક રીતે ઉપરવાસમાં રહેલા દેશો નીચાણવાળા દેશોના પાણી પુરવઠાને અવરોધે છે. જેને લઈ રાજકીય અસ્થિરતાઓ પેદા થાય છે. વિશ્વના અલગ  અલગ દેશોમાં પાણીની વહેંચણીની બાબતે સંઘર્ષો, સંધિઓ થયેલ છે. જેમ કે ભારત અને પાકિસ્તાનની સીધુ નદીના પાણી વિષે ક્યારેક સંઘર્ષના સૂર ઉદ્ભવે છે.
- જયારે ભારત અને બાંગ્લાદેશે ગંગાના પાણીના ઉપયોગ માટે પહેલેથી જ કરાર કર્યા છે. ભારતમાં કર્ણાટક અને તામિલનાડુ કાવેરી નદી માટે, કર્ણાટક અને આંધ્રપ્રદેશ કૃષ્ણા નદીના પાણીની વહેંચણીને લઈ સુપ્રિમકોર્ટમાં ગયા છે.જયારે નર્મદાયોજના દ્વારા ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યો પાણીની વહેંચણી અને વીજ પુરવઠા માટે સહયારો પ્રયોગ કર્યો છે.